# પર્યુષણ પર્વ - પરિજુષણં - યોગના શુદ્ધિકરણની સાધના

***- પ. પૂ. આ. શ્રી કલ્યાણબોધીસૂરીશ્વરજી મ.***

રાગદ્વેષથી રગદોળાયેલા આત્માને નિર્મળ બનાવતું પર્વ એટલે જ પર્યુષણ પર્વ, તેનો એક અર્થ છે. પરિજુષણમં, પરિ = સમન્તાત્ જુષણં = જોડવું. 'મન–વચન–કાયાને આત્મહિતકર સાધનામાં જોડી રાખવા.

મન અનાદિનું ચંચળ છે, વચન બેલગામ છે, કાયા નિરંકુશ છે. અણુ જેટલા મનની તાકાત કલ્પી ના સકાય એટલી વિરાટ છે. ક્ષણમાં પરમાત્મભક્તિમાં લીન હોય તો ક્ષણમાં કો'કનું ખૂન કરવામાં તલ્લીન હોય. ક્ષણમાં કો'કની જાનમાં હોય તો ક્ષણમાં કો'કની કાણમાં. ક્ષણમાં સ્વર્ગમાં હોય તો ક્ષણમાં નરકમાં.

સંસારનું પરિભ્રમણ વાસનાગ્રસિત મનને જ આભારી છે.

નેમનાથ પ્રભુના સગાભાઈ રથનેમિ જેવાનું મન પણ નિમિત્ત મળતા ખળભળી ઉઠ્યું.

સનત્કુમાર ચક્રીના સ્ત્રીરત્નની લટનો સ્પર્શ થતાંની સાથે જ વર્ષોના તપસ્વી સાધક ચિત્રમુનિનું મન વિકારોથી ખદબદી ઉઠ્યું, ત્યાં ને ત્યાં ''આવતા ભવમાં અનેક સ્ત્રીનો સ્વામી થાઉં'' આવું અશુભ નિયાણું કરી બેઠા.

રાજ છોડી દીક્ષિત બનેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ પણ મનથી ખુંખાર યુદ્ધના મેદાનમાં પહોંચી અનેક દુશ્મન સૈનિકોનો ખાત્મો બોલાવી સાતમી નરકના દલિક ઉપાર્જન કરી બેઠા.

ચોખાના દાણા જેટલી કાયાવાળા તંદુલીયા માછલાં પણ મનની રૌદ્ર લેશ્યાના પાપે સાતમી પાતાળ ભેગા થઇ જાય છે.

આનંદઘનજી જેવા અવધૂત સાધક પણ મનના ત્રાસથી ત્રસ્ત થઇ ગયા કે જેથી તેમના મોઢામાંથી કડીઓ સરી પડી, ''મનડું કિમહી ન બાજે હો કુંથુજિન, મનડું કિમહી ન બાજે, જિમ જિમ જતન કરી રાખું, તિમતિમ અળગું ભાગે. હો કુંથુજિન''

વાંદરા જેવા મનને કબજામાં લેવા માટે મોટાં મહાત્માઓ પણ થાકી જાય છે. ત્યારે આ પર્વ આપણને એક ગર્ભિત મૂક સંદેશ આપી જાય છે.

b તારા અણુ જેવડા મનની વિરાટ દોટનો અંત લાવ. b કુવિકલ્પોના કચરાથી ખીચોખીચ ભરેલા મનને શુદ્ધ કરવાની કોશિશ કર. b કુવાસનાઓના કિચડમાં જ મસ્ત તારા મનને પાવન કર. b ક્લેશ–કષાયોની હોળીમાં સળગતાં તારા મનને શાંત પ્રશાંત કર.

જ્યાં સુધી મનમાં વમળો હશે ત્યાં સુધી જીવનમાં સ્થિરતા ક્યાંથી આવશે ?

આગઝરતી ઝેરી દૃષ્ટિથી ફુંફાડા મારતા ચંડકૌશિકને પ્રભુ મહાવીરે જે રીતે કહ્યું કે ''બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા'' ''હે ચંડકૌશિક ! હવે તો બોધ પામ'' તેમ આપણા મનને સમજાવવાની જરૂર છે. હે મન ! હવે તો બુજ્ઝ ! હવે તો બોધ પામ, હવે મત ભટક ! અનંતકાળની તારી દોટ છે. ક્યારેક તો અટક ! ક્યાંક તો અટક !

દોડી દોડીને કાયા થાકે છે, બોલી બોલીને મોઢુ થાકે છે પણ તું કેમ ક્યારે ય થાકતું નથી. ઓ મન ! તું મારૂ છે તો મને શાંતિ આપ !

મન જેમ ચંચળ છે તેમ વાણી આપણી બેલગામ છે. અનંતકાળે પ્રાપ્ત થયેલ વચનલબ્ધિની જાણે આપણને કોઇ કિંમત જ નથી. જીભ મળી એટલે બકો, જેટલુ – જેવુ બકાય એટલુ બકો.

એક વચનની તાકાત છે હજારોના જીવન એક ક્ષણમાં સળગાવી દે, તો એક વચનની તાકાત છે એક ક્ષણમાં હજારોના જીવન શણગારી દે. શબ્દ બોંબ કરતા વધુ જોખમી છે, તો રત્ન કરતા વધુ કિંમતી છે. ઓછું બોલનારા ક્યારેય દુઃખી થતા નથી ને without Break બોલનારા ક્યારેય સુખી થતા નથી. જીવનમાં સંઘર્ષોના દાવાનલ ઉભા ના કરવા હોય તો વાણીનો સંયમ જરૂરી જ નહીં અતિ આવશ્યક છે.

''આંધળાના દિકરા આંધળા'' આટલા શબ્દે મહાભારતના યુદ્ધના મંડાણ ઉભા કરી હજારો લાખોની લાશ ઢાળી દીધી, તો બીજી બાજુ ''ઉપશમ – વિવેક – સંવર''ની આ ત્રિપદીએ ખુંખાર બહારવટીયા જેવા ચિલાતી કુમારને તારી દીધો.

શબ્દ એક બાજુ આગ બની બાળવાનું કામ કરે છે તો બીજી બાજુ પાણી બની ઠારવાનું ય કામ પણ શબ્દ જ કરે છે.

તારવાનું કામ શબ્દ કરે છે તો મારવાનું કામ પણ વચનનું જ છે.

''ન બોલવામાં નવ ગુણ'' જેવી લોકોક્તિ પણ મૌનનો જ મહિમા સમજાવે છે.

મૌનનો મહિમા ગાવામાં કોઇપણ ધર્મશાસ્ત્રએ પાછી પાની કરી નથી, તો મુધા બકવાસ કરનારાઓના કટુ પરિણામોનો વિચાર કરવામાં ય કોઇ શાસ્ત્ર બાકી નથી.

પર્વનો હાર્દ છે – તમારા જીવનમાં અહીં જ સ્વર્ગ ઉતારવું હોય તો આ વાગ્સંયમને અપનાવવુ જ રહ્યું.

હિત બોલો (જેનાથી બીજાનું હિત થાય તેવુ)

મિત બોલો (તે પણ પરિમિત શબ્દોમાં)

પથ્ય બોલો (સ્વ–પર ઉભયના મર્મનો ભેદ ન થાય તેવું)

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ. યોગશાસ્ત્રમાં સત્યવચનની Defination આ જ આપે છે. ''प्रियं पथ्यं वचस्तथ्यं सुनृतं वचः उच्यते''

તે જ વચન સત્ય કહેવાય જે પ્રિય હોય, પથ્ય હોય ને તથ્ય હોય.

રોગમુક્ત રહેવા માટે પાણીને પણ ગાળવુ પડતુ હોય તો સંઘર્ષમુક્ત રહેવા માટે વાણીને ગાળવી જ પડે તે સહજ છે.

વિચારોના શુદ્ધિકરણ દ્વારા ઉચ્ચારાતી વાણી દ્વારા જ સાધક આત્માઓ વચનસિદ્ધ બનતા હોય છે.

મન–વચન જેના Control માં હોય તેની કાયા Control માં હોય તે સહજ છે છતાં કાયાના સંયમની પણ ઉપેક્ષા ના કરાય. પાંચે ઇંદ્રિયના વિષયોનો ભોગવટો કરવા આંધળીદોટ મુકતી કાયાને પણ અંકુશની જરૂર છે. પર્યુષણ પર્વની એવી સૂક્ષ્મ છતાં પ્રચંડ તાકાત છે કે કાયાની સહજ છુટી જાય.

એક કાળે ભોગ અને યોગ શક્ય નથી. એક સાથે વાસના અને ઉપાસના શક્ય નથી. એક ક્ષણે રાગ અને ત્યાગ શક્ય નથી. પર્વમાં તપ–ત્યાગની સાધના સહજ થતી હોવાથી ભોગ – વાસના – રાગ – આસક્તિને સ્થાન જ નથી. આ રીતે આ પર્વના એક એક અનુષ્ઠાન દ્વારા મન–વચન–કાયાના યોગોનું શુદ્ધિકરણ થાય છે. યોગ શુદ્ધ થતાં જીવન પ્રબુદ્ધ બને છે.

અંતે – શ્વાસે શ્વાસે નવી વિમાસણ છે, જીંદગી જ સર્વ દુઃખનું કારણ છે.